### સુપ્રીમે ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો

# GIDC લીઝહોલ્ડ પ્લોટ ટ્રાન્સફર પર GST નહીં

**ગુજરાત** અને કેન્દ્ર સરકારની અપીલ ફગાવાઈ, ઉદ્યોગ જગતમાં આનંદની લાગણી

સુરત : જીઆઈડીસીના લીઝહોલ્ડ પ્લોટના ટ્રાન્સફર પર જીએસટી વસૂલાત અંગેના લાંબા સમયથી ચાલી રહેલા વિવાદમાં ઉદ્યોગકારોને મોટી રાહત મળી છે.

આ મુદ્દે સરકારમાં રજૂઆતો કરનાર સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, ભારતની સર્વોચ્ચ અદાલતે ગુજરાત સરકાર (GoG) અને ભારત સરકાર (GoI) દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ ફગાવી દેતાં ગુજરાત હાઈકોર્ટનો અગાઉનો ચુકાદો યથાવત્ રાખ્યો છે. તેના પરિણામે હવે જીઆઈડીસીના લીઝહોલ્ડ પ્લોટના ટ્રાન્સફર પર જીએસટી લાગુ નહીં પડે.

આ નિર્ણયથી ગુજરાત સહિત દેશભરના જીઆઈડીસી વિસ્તારોમાં કાર્યરત હજારો ઉદ્યોગકારોને સીધી રાહત મળશે. લાંબા સમયથી આ મુદ્દે કાનૂની લડત ચાલી રહી હતી, જેમાં ઉદ્યોગ સંસ્થાઓએ સતત રજૂઆતો અને કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી.

ચુકાદા બાદ ઉદ્યોગજગતમાં આનંદની લાગણી ફેલાઈ છે. ઉદ્યોગ સંસ્થાઓએ આ નિર્ણયને ઐતિહાસિક ગણાવતા જણાવ્યું કે લીઝહોલ્ડ પ્લોટના ટ્રાન્સફર પર જીએસટીની અનિશ્ચિતતા દૂર થતાં હવે ઉદ્યોગોના હસ્તાંતરણ, રોકાણ અને વ્યવસાયિક વ્યવહારો વધુ સરળ બનશે.

આ સફળ કાનૂની લડતમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ કાનૂની સમિતિના અધ્યક્ષ એડવોકેટ તારક દામાણી, ઇન્ડાયરેક્ટ ટેક્સ કમિટીના અધ્યક્ષ નયન શેઠ તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના તમામ હોદ્દેદારો અને સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

# ITI બારડોલીમાં બીજા રાઉન્ડના પ્રવેશ માટે તક, 336 બેઠક હજુ ખાલી

**COPA** સહિત અનેક ટેકનિકલ ટ્રેડમાં 22 જુલાઈ સુધી એડમિશન પ્રક્રિયા ચાલુ, વિદ્યાર્થીઓને સમયસર અરજી કરવાની અપીલ

સુરતઃ ટેકનિકલ શિક્ષણ મેળવી રોજગારલક્ષી કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે બારડોલીની ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)એ વધુ એક તક ઉપલબ્ધ કરાવી છે. ઓગસ્ટ-2026 સત્રના બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા શરૂ થતાં વિવિધ NCVT, SCVT અને GCVT માન્યતા પ્રાપ્ત ટ્રેડમાં કુલ 336 બેઠકો હજુ પણ ખાલી હોવાથી રસ ધરાવતા વિદ્યાર્થીઓને 22 જુલાઈ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળ સંચાલિત ITI બારડોલી (તેન ગામ) ખાતે ટેકનિકલ શિક્ષણ માટે બીજા રાઉન્ડનું એડમિશન ચાલી રહ્યું છે.

સંસ્થાના આચાર્ય કે. એ. પટેલે જણાવ્યું છે કે પાત્રતા ધરાવતા ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રો સાથે સમયમર્યાદામાં સંસ્થાનો સંપર્ક કરી પ્રવેશ મેળવી લેવાની તક ગુમાવવી નહીં.

સંસ્થામાં ઈલેક્ટ્રિશિયન, ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક, વાયરમેન, વેલ્ડર, રેફ્રિજરેશન એન્ડ એર કન્ડિશનિંગ મિકેનિક, મિકેનિક મોટર વ્હીકલ, મિકેનિક ડીઝલ એન્જિન, ફિટર, ટર્નર, આર્મેચર મોટર રિવાઈન્ડિંગ, કોસ્મેટોલોજી સહિત વિવિધ ટ્રેડમાં તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને ઉદ્યોગો તેમજ સ્વરોજગારની દિશામાં સારી તકો ઉપલબ્ધ બનતી હોય છે.

બીજા રાઉન્ડમાં ઉપલબ્ધ બેઠકોમાં સૌથી વધુ COPA (કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ) ટ્રેડમાં 81 બેઠકો ખાલી છે, જ્યારે વેલ્ડર ટ્રેડમાં 44, કોસ્મેટોલોજીમાં 38, ફિટરમાં 34, આર્મેચર મોટર રિવાઈન્ડિંગમાં 33, મિકેનિક ડીઝલ એન્જિનમાં 26, રેફ્રિજરેશન એન્ડ એર કન્ડિશનિંગ મિકેનિકમાં 24, ટર્નરમાં 20, ઈલેક્ટ્રોનિક્સ મિકેનિકમાં 11, ઈલેક્ટ્રિશિયનમાં 9, મિકેનિક મોટર વ્હીકલમાં 9 અને વાયરમેન ટ્રેડમાં 7 બેઠકો ઉપલબ્ધ છે.

### AI ટ્રેક શરૂ થતાં જ વાહનચાલકોની મુશ્કેલી વધી

# સુરત RTOમાં લાઇસન્સનું વેઇટિંગ દોઢ મહિને પહોંચ્યું

**બારડોલી** અને નવસારીમાં જૂની પદ્ધતિથી ટેસ્ટ આપવા ધસારો, પોર્ટલ ખૂલતા જ 1 મિનિટમાં એપોઇન્ટમેન્ટ ફુલ!

સુરતઃ સુરત RTO ખાતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક શરૂ થયા બાદ પાકા ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવું વાહનચાલકો માટે મુશ્કેલ બની ગયું છે. કડક ચકાસણીને કારણે નાપાસ થનારા ઉમેદવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે.

સુરત આરટીઓના સૂત્રો કહે છે કે, નવા એપોઈન્ટમેન્ટમાં એક મહિનાનું અને રી-ટેસ્ટના એપોઈન્ટમેન્ટમાં 50 દિવસથી વધુનું વેઈટિંગ છે. એઆઇ ટ્રેક શરૂ થયા બાદ વેઈટિંગ વધ્યું છે.

ઓલપાડ, બારડોલી અને નવસારીમાં પણ AI ટ્રેક શરૂ કરવાની હિલચાલના પગલે જૂની પદ્ધતિથી સરળતાથી લાઇસન્સ મેળવી લેવા માટે રોજની અનેક અરજીઓ અહીં આવી રહી છે. પરિસ્થિતિ એ છે કે ઓનલાઇન પોર્ટલ શરૂ થતાંની સાથે જ માત્ર એક જ મિનિટમાં બધી એપોઇન્ટમેન્ટ ફૂલ થઈ જાય છે.

### ઓગસ્ટના અંત સુધીમાં ભારણ ઘટવાની શક્યતા

RTOના સૂત્રોના જણાવ્યા મુજબ, ઓલપાડ, નવસારી અને બારડોલીમાં ઓગસ્ટના અંત સુધીમાં AI ટ્રેક શરૂ થઈ જશે, ત્યારબાદ તમામ જગ્યાએ ભારણ વહેંચાઈ જતાં સુરત RTO પરનું વેઇટિંગ ઘટી જશે.

### કાર ટેસ્ટમાં પાસિંગ રેશિયો માત્ર 17%

RTO ખાતે AI ટ્રેક શરૂ થયા બાદ કાર ડ્રાઇવિંગ ટેસ્ટ આપનારા ઉમેદવારોમાં પાસ થવાનો રેશિયો ઘટીને માત્ર 17 ટકા રહી ગયો છે.

# ઉકાઈ ડેમમાં ગયા વર્ષ કરતાં સપાટી 12.63 ફૂટ નીચી

**ઉપરવાસમાં** ઓછો વરસાદ, આગામી પાંચ-છ દિવસમાં મધ્યપ્રદેશ-ગુજરાત બોર્ડર વિસ્તારમાં વરસાદની આશા

સુરતઃ દક્ષિણ ગુજરાત માટે જીવનદોરી સમાન ઉકાઈ ડેમમાં આ વર્ષે ચોમાસાની ગતિ ધીમી જોવા મળી રહી છે. ડેમના ઉપરવાસમાં પૂરતો વરસાદ ન થતાં 21 જુલાઈ સુધી પણ ડેમમાં સતત પાણીની આવક શરૂ થઈ શકી નથી. જેને પગલે ગયા વર્ષની સરખામણીએ સપાટી 12.63 ફૂટ નીચે છે.

મંગળવારના રોજ ઉકાઈ ડેમની સપાટી 313.10 ફૂટ નોંધાઈ હતી. વરસાદની મુખ્ય સિઝન શરૂ થઈ હોવા છતાં ડેમમાં નોંધપાત્ર જળસંગ્રહ ન વધતાં સિંચાઈ અને પીવાના પાણીની સ્થિતિ પર પણ નજર રાખવામાં આવી રહી છે. ડેમના જળસ્તરની સરખામણી કરવામાં આવે તો ગયા વર્ષે 21 જુલાઈના રોજ ઉકાઈ ડેમની સપાટી 325.73 ફૂટ હતી, જ્યારે આ વર્ષે તે માત્ર 313.10 ફૂટ છે. એટલે કે ગયા વર્ષની સરખામણીએ હાલ ડેમની સપાટી 12.63 ફૂટ ઓછી છે. માત્ર ગયા વર્ષની જ નહીં, પરંતુ આ સમયગાળા માટે નિર્ધારિત રૂલ લેવલની સરખામણીએ પણ ડેમની સપાટી અંદાજે 20 ફૂટ જેટલી નીચે ચાલી રહી છે. ચોમાસાના બાકીના સમયગાળા દરમિયાન ઉપરવાસમાં કેટલો વરસાદ પડે છે તેના પર ઉકાઈ ડેમની જળસંગ્રહ સ્થિતિનો મોટો આધાર રહેશે.

### ઉપરવાસમાં વરસાદ પડશે તો જ વધશે આવક

ઉકાઈ ડેમમાં પાણીની આવકનો મુખ્ય આધાર મધ્યપ્રદેશ તેમજ ગુજરાતની સરહદ નજીકના ઉપરવાસના વિસ્તારોમાં પડતા વરસાદ પર રહે છે. હાલ આ વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ ઓછું હોવાથી ડેમમાં નવા પાણીની આવક લગભગ બંધ છે. જોકે હવામાન વિભાગ દ્વારા આગામી પાંચથી છ દિવસ દરમિયાન મધ્યપ્રદેશ અને ગુજરાતની બોર્ડર વિસ્તારમાં સારા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો આગાહી મુજબ વરસાદ થશે તો તેની સીધી અસર ઉકાઈ ડેમમાં પાણીની આવક પર જોવા મળી શકે છે અને ડેમના જળસ્તરમાં વધારો થવાની શક્યતા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### પાંચ ઈંચમાં...

મીમી વરસાદ ઉધના ઝોનમાં નોંધાયો હતો, જ્યારે સેન્ટ્રલ, અઠવા, વરાછા-એ અને લિંબાયત ઝોનમાં પણ 90 મીમીથી વધુ વરસાદ પડતા જનજીવન પ્રભાવિત બન્યું હતું.સતત વરસાદના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સચિન અને લિંબાયત ગરનાળામાં પાણી ભરાવાથી વાહનવ્યવહાર ખોરવાયો, જ્યારે VIP રોડ પર ફરી એકવાર પાણી ભરાતા અનેક વાહનો બંધ પડી ગયા અને ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા. મોડી રાત્રે પણ ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

### ભેદવાડ ખાડી ચાર...

સેન્ટીમીટર વધુ હતું. સવારે 9 વાગ્યા સુધી આ સ્થિતિ યથાવત રહી હતી. સવારે 10 વાગ્યે પાણીનું સ્તર 7.30 મીટર નોંધાયું, જ્યારે 11 વાગ્યે 7 મીટર થયું હતું. આખરે બપોરે 12 વાગ્યે પાણી ભયજનક સપાટીથી નીચે આવતા તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આમ, સતત ચાર કલાક સુધી ખાડી ઓવરફ્લો રહી હતી.

### કાવેરી નદીએ...

નદીઓમાં નવા નીર આવ્યા છે અને અનેક નદીઓ બંને કાંઠે વહેતી થઈ છે. વરસાદને કારણે જનજીવન પર પણ વ્યાપક અસર જોવા મળી રહી છે.

### આજથી 3...

વિભાગે 22 જુલાઈના રોજ નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલીમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરતાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા NDRF-SDRFની ટીમો સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે, જ્યારે ડેમોની જળસપાટી, વીજ પુરવઠો, માર્ગ વ્યવસ્થા અને બચાવ-રાહત કામગીરી પર 24 કલાક સતત નજર રાખવા માટે રાજ્યનો કંટ્રોલ રૂમ સક્રિય કરવામાં આવ્યો છે.

### CJPના કાર્યકરો...

આવ્યા બાદ ભારે વિવાદ સર્જાયો છે. પોલીસ મથકમાં લોકઅપમાં પૂરતી વખતે પોલીસ કર્મચારીઓ અને પ્રદર્શનકારીઓ વચ્ચે તીવ્ર ઘર્ષણ અને તંગદિલીનો વાતાવરણ ઊભું થયું હતું.કલેક્ટર કચેરી ખાતેથી 'ઈન્કલાબ જિંદાબાદ'ના નારા લગાવતા વિદ્યાર્થીઓ અને કાર્યકરોની પોલીસે અટકાયત કરી ઉમરા પોલીસ સ્ટેશન ખાતે ખસેડ્યા હતા. પોલીસ મથકે પહોંચ્યા બાદ તમામ પ્રદર્શનકારીઓને લોકઅપમાં બેસાડવા જતાં પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં મામલો એટલો બિચકી ગયો હતો કે બંને પક્ષે સામસામે ઘર્ષણની સ્થિતિ નિર્માણ પામી હતી. આ ઘર્ષણ દરમિયાન પોલીસે કોકરોજ જનતા પાર્ટી (CJP)ના કાર્યકરો અને વિદ્યાર્થીઓ સાથે ગાળાગાળી કરી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. કલેક્ટર કચેરીથી શરૂ થયેલો વિરોધ પોલીસ સ્ટેશનના લોકઅપ સુધી પહોંચતા CJPની આગનો ભડકો સુરતમાં વધુ ઉગ્ર બન્યો હતો. લોકઅપમાં થયેલી આ ઘટના બાદ પોલીસ સ્ટેશન પરિસરમાં લાંબા સમય સુધી અફરાતફરી અને તંગદિલીનો માહોલ છવાયેલો રહ્યો હતો.

### ઉધનામાં સીજેપીના...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું પૂતળું દહન કર્યું હતું. સૌથી ચોંકાવનારી બાબત એ રહી કે ઉધના પોલીસની નાક નીચે જ વિરોધ પ્રદર્શન ચાલતું રહ્યું અને પૂતળું પણ સળગાવી દેવાયું, પરંતુ પોલીસને તેની ગંધ સુદ્ધાં ન આવી. ઘટના બન્યા બાદ જ્યારે પૂતળા દહનના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા, ત્યારે જઈને ઉધના પોલીસ હરકતમાં આવી હતી. વીડિયો વાયરલ થતાં જ પોલીસ કાફલો દોડતો થયો હતો અને સ્થળ પર પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

### 24મીએ ઉત્તર...

સંભાવના છે. જ્યારે 22 અને 23 જુલાઈએ અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, નર્મદા, સુરત, ડાંગ અને તાપી જિલ્લામાં ખૂબ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. 24 જુલાઈએ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર તથા દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### ભેદવાડ ખાડીના...

રાહત આપવાનો દાવો કરનાર સુરત મહાનગરપાલિકા માટે હવે ફરી એકવાર 'દળી દળીને ઢાંકણીમાં' જેવો ઘાટ સર્જાયો છે. માત્ર 15 દિવસ પહેલાં ખાડીપૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત બનેલા અલથાણ અને બમરોલી વિસ્તારમાં મંગળવારે ફરી ભારે વરસાદ અને ઉપરવાસના પાણીના કારણે ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં ગંદા પાણી સોસાયટીઓમાં ઘૂસી ગયા હતા. જેના કારણે હવે સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે શું મનપા ફરી નુકસાનનો સરવે કરશે? ફરી કેશડોલ્સ અને સહાય આપશે? કે પછી વેરામાફી જેવી વધુ એક રાહત જાહેર કરશે? હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહી વચ્ચે સુરત શહેરમાં વિતેલા 12 કલાક દરમિયાન આશરે ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. ઉપરવાસમાંથી પાણીની આવક વધતા શહેરની પાંચ મુખ્ય ખાડીઓ પૈકી ભેદવાડ ખાડી સતત ચાર કલાક સુધી ભયજનક સપાટીથી ઉપર વહેતી રહી હતી. લોકોએ કિંમતી સામાન ફરીથી ઊંચા સ્થળે ખસેડવાની ફરજ પડી હતી.

### સુરતની ખાડીના લેવલ

| ખાડી | ભયજનક | હાલ |
|---|---|---|
| કાકરા | 8.48 મી | 5.30 |
| ભેદવાડ | 7.20 મી | 6.20 |
| મીઠી ખાડી | 9.35 મી | 7.30 |
| ભાઠેના | 8.25 મી | 5.55 |
| સિમાડા | 4.50 મી | 2.30 |

### દ.ગુ.માં ક્યાં?...

- દમણ અને ધરમપુરમાં બે વૃક્ષ અને નળિયાંવાળું ઝૂંપડું તૂટી પડ્યું
- વલસાડમાં ભારે વરસાદથી આકાશમાં મંડરાતું હેલિકોપ્ટર મુશ્કેલીમાં મુકાયું
- ડાંગ જિલ્લામાં 10 કોઝવે પાણીમાં ગરક થઈ જતા 20 ગામો સંપર્ક વિહોણા
- નવસારી જિલ્લો જળમગ્ન, 105 રસ્તા બંધ થતાં જનજીવન ખોરવાયું
- નદીઓ, નાળા, કોઝવે અને ચેકડેમોમાં નવા નીરની આવક થતાં વાહનવ્યવહાર બંધ થઈ ગયો
- ચીખલીના કાવેરી નદીની સપાટીમાં સતત વધારો થતા શ્રી તડકેશ્વર મહાદેવજી મંદિરમાં સ્વયંભૂ જળાભિષેક
- કાવેરી નદી ભયજનક સપાટીએ પહોંચવા સાથે ગોલવાડ અને તલાવચોરાના પુલ પાણીમાં ગરકાવ
- ચીખલીના આરસીસી પાઇપ નાંખી પાકુ બાંધકામ કરી દબાણ કરાતા સ્ટાફ ક્વાટર્સ કેમ્પસમાં પાણી ભરાયા
- ગણદેવી તાલુકામાં ૧૦થી વધુ ઘરોમાં પાણી ભરાયા
- વરસાદને પગલે મહુવાના 3 તથા અંબિકાના 2 મળી 5 રસ્તા વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરાયા


### ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરી ને દર્શન થઈ જાય.
આજે ફરી તને મળવાનું મન થાય છે, પાસે બેસી વાત કરવાનું
મન થાય છે, તને જોરથી ગળે લાગવાનું મન થાય છે,
સુખ દુઃખની વ્યથા કહેવાનું મન થાય છે,
નાની મોટી દરેક ફરિયાદો કરવાનું મન થાય છે,
તારી યાદોના વરસાદમાં ભીંજાવાનું મન થાય છે, તું આવીશ
આસું લુછવા એ વિચારીને આજે ફરી રડવાનું મન થાય છે.

**સ્વ. જયશ્રીબેન ચંદ્રવદન નેમલાવાલા**
સ્વ. તા. ૨૨/૦૭/૨૦૨૨

લિ.
ચંદ્રવદન મોહનલાલ નેમલાવાલા

મયુર ચંદ્રવદન નેમલાવાલા | સેની ભાગ્યેશ પેંચીવાલા
ડીનલ મયુર નેમલાવાલા | ડિમ્પલ હિમાંશુ લેખડીયા
ભાગ્યેશકુમાર ધનસુખલાલ પેંચીવાલા | સૌમ્ય મયુર નેમલાવાલા
હિમાંશુકુમાર નરેન્દ્રભાઈ લેખડીયા | દેવ મયુર નેમલાવાલા


## ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી,

ઠે. પહેલા માળે, તાલુકા સેવા સદન-ઓલપાડ,
હાથીસા રોડ ઓલપાડ, તા.ઓલપાડ, જિ. સુરત.
ફોન નં.૦૨૬૨૧-૨૨૧૨૪૪ Email ID : 16.prantolpad@gmail.com

જાહેરાતનામાં ક્રમાંક/ચટણ/ સા.સુ.ફે. / પ્રસિદ્ધિ / વશી ૪૭ / ૨૦૨૬ તા. ૨૧.૦૭.૨૦૨૬

**નમૂનો-૧**
**(જુઓ નિયમ-૧૬)**
**શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરત.**
**ચૂંટણી અંગેની જાહેરાત**

મે.કલેક્ટર સાહેબશ્રી, સુરતના પત્રકમાંક નં.સ્થા.સ્વ.ચૂં/ સાયણ / સુગર સ.મં. / ચૂંટણી / વશી ૨૦૦૦ થી ૨૦૦૧ / ૨૦૨૬ તા.૨૯-૦૬-૨૦૨૬ થી શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરતની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચૂંટણી યોજવા અંગેની કાર્યવાહી કરવા અમોને ચૂંટણી અધિકારી તરીકે અધિકૃત કરવામાં આવેલ છે. ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી બાબતોનાં નિયમો ૧૯૮૨ ના નિયમ -૧૬ થી મળેલ અધીકારની રૂએ હું પાર્થ તલસાણીયા (જી.એ.એસ.), ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર, ઓલપાડ પ્રાંત, જિ.સુરત આથી જાહેર કરૂં છું કે, શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરતના નામે ઓળખાતી વ્યવસ્થાપક સમિતિની ૧૪ બેઠકો તથા એક બેઠક અનુસુચિત જાતિ / અનુસુચિત આદિજાતિના સભાસદો માટે અને એક બેઠક નાના સીમાંત ખેડુત અને મહિલા અનામત-૧, મહિલા અનામત-૨ સભાસદોની મળી કુલ ૧૮ (અઢાર) સભ્યોની ચૂંટણી થવાની છે અને આ સાથે અનુસૂચિનાં હરોળ-૧ માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળો (જેનો આમાં હવે પછી "સંબંધીત મતદાર મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે ) ની ચૂંટણીના સંબંધમાં-

(એ) સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના હરોળ-રમાં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારી પત્રો મેળવવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામે હરોળ-રમાં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર મેળવવાના સ્થળ તરીકે નક્કી કરેલ છે.

(બી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના હરોળ-૩માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારી પત્રો સ્વીકારવા માટેની છેલ્લી તારીખ અને સમય અને સંબંધિત મતદાર મંડળ સામેના હરોળ-૩ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને ઉમેદવારી પત્ર તૈયાર કરી શકાય / સ્વીકારી શકાય તે સ્થળ નક્કી કરેલ છે.

(સી) સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસૂચિના હરોળ-૪માં નિર્દિષ્ટ કરેલ તારીખને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં, મળેલ ઉમેદવારી પત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરેલ છે.

(ડી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૫માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને, સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારી પત્રોની ચકાસણી માટેના તારીખ અને સમય અને સંબંધિત મતદાર સામે હરોળ-૫ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની સ્થળ તરીકે નક્કી કરેલ છે.

(ઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૬માં નિર્દિષ્ટ કરેલ તારીખને, માન્ય ઉમેદવારી પત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરેલ છે.

(એફ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૭માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને, સંબંધિત મતદાર મંડળનાં સંબંધમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ નક્કી કરેલ છે.

(જી) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૮માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળનાં સંબંધમાં, હરિફ ઉમેદવારોની અંતિમ યાદીની પ્રસિદ્ધિની તારીખ તરીકે નક્કી કરેલ છે.

(એચ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૯માં નિર્દિષ્ટ કરેલ તારીખને શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી ના નામે ઓળખાતી સહકારી સમિતિનાં સભ્યોની ચૂંટણી કરવાનું જરૂરી હોઈ તો જે તારીખે તે કરવાની હોય તે તારીખ નક્કી કરેલ છે.

(આઈ) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૧૦ને નિર્દિષ્ટ કરેલ સમયને મતદાન કરવાનાં સમય તરીકે નક્કી કરેલ છે.

(જે) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૧૧માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને તેમજ હરોળ-૧૧ માં નિર્દિષ્ટ કરેલ સ્થળને, મતગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરેલ છે.

(કે) સંબંધિત મતદાર મંડળ સામે, સદરહું અનુસૂચિનાં હરોળ-૧૨માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદાનનાં પરિણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરેલ છે.

**અનુસૂચિ**

| અ.નં | વિગત | તારીખ/વાર | સમય |
|---|---|---|---|
| ૧. | મંડળી/સંસ્થાનું નામઃ<br>શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરતનાં વ્યવસ્થાપક સભ્યોની સામાન્ય ચૂંટણી | | |
| ૨. | ઉમેદવારીપત્રો મેળવવા અને પરત સ્વીકારવાની તારીખ/સમય અને સ્થળઃ-<br>૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, મામલતદારશ્રી ઓલપાડની કચેરી તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. | તા. ૨૩/૦૭/૨૦૨૬ (ગુરૂવાર) થી તા. ૨૮/૦૭/૨૦૨૬ (મંગળવાર) | ૧૧:૦૦ થી ૧૫:૦૦ કલાક સુધી (કામકાજના દિવસો દરમ્યાન) |
| ૩. | ઉમેદવારીપત્રો સ્વીકારવા / ભરવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળઃ-<br>૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, મામલતદારશ્રી ઓલપાડની કચેરી તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. | તા. ૨૩/૦૭/૨૦૨૬ (ગુરૂવાર) થી તા. ૨૮/૦૭/૨૦૨૬ (મંગળવાર) | ૧૧:૦૦ થી ૧૫:૦૦ કલાક સુધી (કામકાજના દિવસો દરમ્યાન) |
| ૪. | મળેલ ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધિની તારીખ/સમય અને સ્થળઃ-<br>૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, મામલતદારશ્રી ઓલપાડની કચેરી તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૩. સંઘની રજીસ્ટર્ડ કચેરી, સુરત | તા. ૨૮/૦૭/૨૦૨૬ (મંગળવાર) | હરોળ નં. ૩ ની કાર્યવાહી પૂર્ણ થયા બાદ |
| ૫. | ઉમેદવારીપત્રો ચકાસણી માટેની તારીખ/સમય અને સ્થળઃ-<br>૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. | તા. ૨૯/૦૭/૨૦૨૬ (બુધવાર) | ૧૧:૦૦ કલાકથી |
| ૬. | માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ/સમય અને સ્થળઃ-<br>૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, મામલતદારશ્રી ઓલપાડની કચેરી તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૩. સંઘની રજીસ્ટર્ડ કચેરી, સુરત | તા. ૩૦/૦૭/૨૦૨૬ (ગુરૂવાર) | ૧૨:૦૦ કલાકે |
| ૭. | ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાની તારીખ/સમય અને સ્થળઃ-<br>૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, મામલતદારશ્રી ઓલપાડની કચેરી તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. | તા. ૩૦/૦૭/૨૦૨૬ (ગુરૂવાર) થી તા. ૩૧/૦૭/૨૦૨૬ (શુક્રવાર) | કચેરી સમય દરમ્યાન (કામકાજના દિવસો દરમ્યાન) |
| ૮. | હરિફ ઉમેદવારીની અંતિમ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ/સમય અને સ્થળઃ-<br>૧. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતની કચેરી, તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત.<br>૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, મામલતદારશ્રી ઓલપાડની કચેરી તાલુકા સેવા સદન, હાથીસા રોડ, ઓલપાડ, જિ.સુરત. | તા. ૦૧/૦૮/૨૦૨૬ (શનિવાર) | ૧૨:૦૦ કલાકે |
| ૯. | મતદાન જરૂરી હોય તો તેની તારીખ /સમય અને સ્થળઃ-<br>આ સાથેના કોષ્ટકમાં દર્શાવેલા મતદાન મથકો ઉપર | તા. ૦૯/૦૮/૨૦૨૬ (રવિવાર) | સવારે ૦૯:૦૦ થી ૧૭:૦૦ કલાક સુધી |
| ૧૦ | જે સમયે દરમ્યાન મતદાન થશે તે સમય | તા. ૦૯/૦૮/૨૦૨૬ (રવિવાર) | સવારે ૦૯:૦૦ થી ૧૭:૦૦ કલાક સુધી |
| ૧૧. | મતગણતરી માટેની તારીખ/સમય અને સ્થળઃ-<br>શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. સાયણ, તા.ઓલપાડ, જિ.સુરત. | તા. ૧૧/૦૮/૨૦૨૬ (મંગળવાર) | ૦૯:૦૦ કલાકે |
| ૧૨. | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ | અનુ.નં-૧૧ ની કાર્યવાહી પૂર્ણ થયેથી | |

દરેક ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે રૂ.૧૦૦/-(રૂપિયા એકસો પુરા) ડીપોઝીટ તરીકે જમા કરાવવાના રહેશે.

ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ ના નિયમ-૧૨ થી મળેલ સત્તાનિ રૂએ હું શ્રી પાર્થ તલસાણીયા, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત, જિ.સુરત આથી શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. ના નામે ઓળખાતી સહકારી સિમિતિનાં સભ્યોની સામાન્ય ચૂંટણી માટે નીચે જણાવેલ સ્થળોને મતદાન મથકો તરીકે જાહેર કરૂં છું.

**:: મતદાન મથકો ::**

| અ.નં. | જુથ / ઝોનનું નામ | મતદાન મથકમાં સમાવિષ્ટ ગામો | મતદાન મથકનું નામ અને સ્થળ |
|---|---|---|---|
| ૧ | ઝોન-૧ ભટગામ | ભટગામ, અસનાડ, મંદ્રોઈ | (૧) પ્રાથમિક શાળા ભટગામ, તા.ઓલપાડ, જિ.સુરત. |
| | | કરંજ, કમરોલી, કુંભારી, જીણોદ, નઘોઈ, નાનીનેશ, પારડી ઝાંખરી, મીંઢી, મોટીનેશ, મીરઝાપોર, સોંદલાખારા, | (૨) પ્રાથમિક શાળા સોંદલાખારા, તા.ઓલપાડ, જિ.સુરત. |
| | | ટકારમા, સરસાણા, કોબા, કસાડ, ટોઠબ, પારડીકોબા, ભાડોલ, કદરામા | (૩) પ્રાથમિક શાળા ટકારમા, તા.ઓલપાડ, જિ.સુરત. |
| ૨ | ઝોન-૨ કુડસદ | કુડસદ | (૪) શ્રી પી.કે.દેસાઈ વિદ્યાલય કીમ, તા. ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૧ |
| | | અણીતા, ઉમરાછી, કન્યાસી, કીમામલી, વડોલી | (૫) શ્રી પી.કે.દેસાઈ વિદ્યાલય કીમ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૨ |
| | | બોલાવ, મુળદ, સ્યાદલા | (૬) શ્રી પી.કે.દેસાઈ વિદ્યાલય કીમ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૩ |
| ૩ | ઝોન-૩, સાયણ | સાયણ | (૭) શ્રી ડી.આર.જી.ડી. સાર્વજનિક વિદ્યાલય સાયણ તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૧ |
| | | દેલાડ (ઓલપાડ), સિવાણ | (૮) શ્રી ડી.આર.જી.ડી. સાર્વજનિક વિદ્યાલય સાયણ તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૨ |
| | | ઉમરા, કારેલી, | (૯) શ્રી ડી.આર.જી.ડી. સાર્વજનિક વિદ્યાલય સાયણ તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૩ |
| ૪ | ઝોન-૪, સીથાણ | કંથરાજ, ખલીપોર, માધર, વિહારા, સિથાણ. | (૧૦) પ્રાથમિક શાળા સિથાણ, તા.ઓલપાડ, જિ.સુરત. |
| | | ઓભલા, કણભી, કાછબ, પારડી ભાદોલી, ભારૂંડી, સીમલથુ | (૧૧) પ્રાથમિક શાળા ભારૂંડી, તા.ઓલપાડ, જિ.સુરત. |
| ૫ | ઝોન-૫, સાંધીયેર | સાંધીયેર | (૧૨) મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૧ |
| | | મોરથાણ, સોંદામીઠા, હાથીસા, અછારણ, અટોદરા, અસનાબાદ | (૧૩) મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૨ |
| | | એરથાણ, ઓલપાડ, આંધી, ગોલા, રાજનગર | (૧૪) મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૩ |
| ૬ | ઝોન-૬, માસમા | માસ્મા, વડોદ, સરસ, સરોલી, સોંસક. | (૧૫) તળાદ વિભાગ માધ્યમિક શાળા. તળાદ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૧ |
| | | શેરડી, કાછોલ, સરોલ, ઓરમા, અંભેટા, ઈશનપોર, કરમલા. | (૧૬) તળાદ વિભાગ માધ્યમિક શાળા. તળાદ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૨ |
| | | કનાદ, કાસલાખુર્દ, કાસલાબુજરંગ, કુંકણી, કુદિયાણા, કપાસી, કોસમ, કુવાદ, જોથાણ, તળાદ, બલક્સ. | (૧૭) તળાદ વિભાગ માધ્યમિક શાળા. તળાદ, તા.ઓલપાડ, જિ.સુરત. રૂમ નં. ૩ |
| ૭ | ઝોન-૭, રાંદેર | અરીયાણા, દિહેણ, નરથાણ, પીંજરત, બરબોધન, ભાંડુત, વેલુક, સિથાણા, સેગવાછામા, સેલુત | (૧૮) એમ.આર.સી. હાઇસ્કુલ દિહેણ, તા.ઓલપાડ, જિ.સુરત. |
| | | રાંદેર, અડાજણ, ઈચ્છાપોર, ક્વાસ, પાલ, ભેંસાણ, ભાઠાબોર, મલંગામાં, જહાંગીરાબાદ, ભાટપોર | (૧૯) લોકમાન્ય વિદ્યાલય, રાંદેર, તા.સુરત સીટી, જિ.સુરત. |
| ૮ | ઝોન-૮, છાપરાભાઠા | છાપરાભાઠા, જહાંગીરપુરા, વરીયાવ, પાલનપોર, કંટારા, અમરોલી. | (૨૦) પ્રાથમિક શાળા છાપરાભાઠા, તા.સુરત સીટી, જિ.સુરત. |
| | | પરીયા, વસવારી, સેગવા (સ્યાદલા) | (૨૧) પ્રાથમિક શાળા પરીયા, તા.ઓલપાડ, જિ.સુરત. |
| ૯ | ઝોન-૯, મોટાવરાછા | મોટાવરાછા | (૨૨) પ્રાથમિક શાળા મોટાવરાછા, તા.સુરત સીટી, જિ.સુરત. |
| | | કોસાડ, ભરથાણા-કોસાડ, ઉત્રાણ | (૨૩) માધ્યમિક શાળા કોસાડ, (શાહ ગંગાબેન ઉદેરામ) કોસાડ, તા.સુરત સીટી, જિ.સુરત. |
| | | ગોથાણ, વેલંજા. | (૨૪) પ્રાથમિક શાળા ગોથાણ, તા.ઓલપાડ, જિ.સુરત. |
| ૧૦ | ઝોન-૧૦, અબ્રામા | અબ્રામા, આંબોલી, અંત્રોલી, કરજણ. | (૨૫) પ્રાથમિક શાળા નવી પારડી, તા.કામરેજ, જિ.સુરત. રૂમ નં. ૧ |
| | | ઘલુડી, ઘલા, ચોર્યાસી, ધોરણપારડી, શેખપુર, નવીપારડી | (૨૬) પ્રાથમિક શાળા નવી પારડી, તા.કામરેજ, જિ.સુરત. રૂમ નં. ૨ |
| ૧૧ | ઝોન-૧૧, કામરેજ | કઠોર, કામરેજ, ખોલવડ, ખોલેશ્વર | (૨૭) પ્રાથમિક શાળા કામરેજ, તા.કામરેજ, જિ.સુરત. રૂમ નંબર-૧ |
| | | ડુંગરા, ધાતવા, દેરોદ, નાનસાડ, ભૈરવ, જીયોર | (૨૮) પ્રાથમિક શાળા કામરેજ, તા.કામરેજ, જિ.સુરત. રૂમ નંબર-૨ |
| ૧૨ | ઝોન-૧૨, વાવ | પાસોદરા, ભાડા, લસકાણા, વાલક, વાવ, | (૨૯) બી.એન. ભક્ત હાઈસ્કુલ વાવ, તા.કામરેજ, જિ.સુરત. રૂમ નંબર-૧ |
| | | આસ્તા, કઠોદરા, કોળી ભરથાણા, જોખા, નવાગામ | (૩૦) બી.એન. ભક્ત હાઈસ્કુલ વાવ, તા.કામરેજ, જિ.સુરત. રૂમ નંબર-૨ |
| ૧૩ | ઝોન-૧૩, દિગસ | ઓરણા, જાતભરથાણા, ધારૂથા, દિગસ, દેલાડ (કામરેજ), નેત્રંગ. | (૩૧) ઓરણા કેળવણી મંડળ સંચાલિત હાઈસ્કુલ ઓરણા તા.કામરેજ, જિ.સુરત. |
| | | ટીંબા, મોટાનોગામ, તડકેશ્વર, બોધાન, રૂસવાડ, વીરપોર | (૩૨) પ્રાથમિક શાળા બોધાન, તા.માંડવી, જિ.સુરત. |
| ૧૪ | ઝોન-૧૪, પીપોદરા | કઠોદરા (કીમ), કીમ, કોઠવા, વાલેસા, આંકંલોદ, પાનસરા, પીપોદરા, પાલોદ, મોટીનરોલી, મોટાબોરસરા, મોલવાણ, લીમોદરા, લીંડીયાત, ભાટકોલ, સમુસર, સીયાલજ, કરંજ (માંડવી), રણકપોર, ઘુંટી | (૩૩) સુરત જિલ્લા ખરીદ વેચાણ સંઘ લી. દાણમીલ, કીમ ચાર રસ્તા, તા.ઓલપાડ, જિ.સુરત. |
| | | કઠવાડા, કોસંબા, કુંવારદા, ચરેઠા, નાનીનરોલી, નંદાવ, પારડીસાવા, મહુવેજ, વેલાછા, વાંસોલી, સાવા, સીમોદરા, શેંઠી, હથુરણ, હયોડા, તરસાડી, આસરમા, ધામડોડ, કનવાડા, કોસાડી, લુવારા, કંટવા, પાણેઠા, લીબાંડા, આસોદલા, નોગામા (માંગરોળ), વરેઠી | (૩૪) પ્રાથમિક શાળા વેલાછા, તા.માંગરોળ, જિ.સુરત. |
| ૧૫ | ૧૫ નાના / સીમાંત અનામત | સમાવિષ્ટ કાર્યક્ષેત્રના તમામ ગામો | મતદારે જે-તે ઝોનમાં મતદાન કરવાનું રહેશે |
| ૧૬ | અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ પૈકી અનામત | સમાવિષ્ટ કાર્યક્ષેત્રના તમામ ગામો | મતદારે જે-તે ઝોનમાં મતદાન કરવાનું રહેશે |
| ૧૭ | મહિલા વિભાગ-૧ અનામત | સમાવિષ્ટ કાર્યક્ષેત્રના તમામ ગામો | મતદારે જે-તે ઝોનમાં મતદાન કરવાનું રહેશે |
| ૧૮ | મહિલા વિભાગ-૨ અનામત | સમાવિષ્ટ કાર્યક્ષેત્રના તમામ ગામો | મતદારે જે-તે ઝોનમાં મતદાન કરવાનું રહેશે |

સ્થળ : ઓલપાડ
તારીખ : ૨૧.૦૭.૨૦૨૬

(પાર્થ તલસાણીયા)
ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત, જિ.સુરત.